R.N.I. No. : 66450/97 GAMC NO. : Guj/189 /2012-14/ Valid upto31 Dec/ 2014 -Posted at A'bad PSO - Monday

Ahmedabad Jurisdiction

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

http://jagadishchristian.com

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

email:garvinavkranti @ yahoo.com

ESTD. YEAR - 17 •ISSUE: 32 DATE: 28-09-2013 •SATURDAY• PAGES: 4•PRICE Rs.1 •YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ?
હા( )ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર
પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭



## નાઇજીરીયામાં બોકો હરામ શરિયત કાયદો લાગુ કરવા માટે અનેક લોકોની હત્યા કરી રહ્યું છે

મુસ્લીમ કટ્ટરવાદી બોકો હરામ ગ્રુપ દ્વારા ગત સપ્તાહમાં કરવામાં આવેલ આંતવાદી હુમલામાં ૧૬૦ જેટલા લોકોના મોત નિપજયા હતા.આ ઘટનાઓ યોબી અને બોર્નો સ્ટેટ,નાઈજીરીયામાં બની હતી.હ્યુમન રાઈટ્સ ગ્રુપ ક્રિશ્ચિયન સોલીડારીટી વર્લ્ડવાઈડ દ્વારા જારી કરવામાં આવેલ સમાચાર યાદીમાં જણાવાયું હતું કે ૧૮ સપ્ટે.બોકો હરામના સભ્યો હથિયારો,કલાસનીકોવ,રોકેટ લોંચર્સ અને દેશી બોંબ લઈને ધસી ગયા હતા.યદી બુની ટાઉન પર હુમલો કર્યો હતો.તેમણે પોલીસ સ્ટેશન, ટેલીકોમ્યુનીકેશન મેસ્ટ,સ્થાનિક સરકારનું હેડક્વાટસ અને પોલીસ વડાનું ઘર, જેમાં તેમની પત્નીને સળગાવી દેવાઈ હતી.યોબ ડેમોક્રેટીક પીપલ્સ પાર્ટી યુથ લીડર પણ આ ઘટનામાં માર્યા ગયા હતા.એક સિપાઈ તથા અન્ય નવ સરકારી કર્મચારીઓ માર્યા ગયા હતા.

સપ્ટે.૧૭ના રોજી ૧૪૩ વ્યક્તિઓને બોકો હરામ દ્વારા મોતને ઘાટ ઉતારાયા હતા.તેઓ મીલીટરી વેશમાં,તેમજ બુલેટ પ્રુફ વેસ્ટ પહેરીને આવ્યા હતા. ડમાતુરુ એક્સપ્રેસ વે ઉપર તેમણે લોકોના આઈડી કાર્ડ જોઈને લાઈનમાં ઉભા રાખીને ગોળી મારી દીધી હતી.સીએસડબલ્યુના રીપોર્ટ પ્રમાણે મોટા ભાગના મરણ પામેલા લોકો સીવીલીયન જોઈન્ટ ટાસ્ક ફોર્સના માણસો હતા.આ ઉપરાંત બે સૈનિક અનો ત્રણ પોલીસમેનના પણ આ હિંસામાં મોત થયા હતા.

છેલ્લા ચાર વર્ષોમાં નોર્થન નાઈજીરીયામાં ૧૨૦૦ થી વધુ લોકોને મીલીટંટ ઈસ્લામીક ગ્રુપ બોકો હરામ દ્વારા મારી નાંખવામાં આવ્યા છે.તેવું ઈન્ટરનેશનલ ક્રિમીનલ કોર્ટની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.કોર્ટના ચીફ પ્રોસીક્યુટર ફતોઉ બેનીસોઉદાના જણાવ્યા પ્રમાણે આઈસીસી બોકો

અનું પાન નં. ૩ ઉપર





## પેશાવર,પાકિસ્તાન ખાતે ચર્ચમાં થયેલ બોંબ ધડાકામાં ૭૫ ખ્રિસ્તીઓના મોત,અનેક ઘાયલ

પેશાવર,પાકિસ્તાન ખાતે આવેલ એક સેંટ ચર્ચમાં આત્મઘાતી હુમલાખોરોએ બે બોંબ ધડાકા કર્યા હતા.રવિવાર હોવાને કારણે ચર્ચમાં પ્રાર્થનાસભામાં ૮૦૦ જેટલા ખ્રિસ્તી ભાઈ,બહેનો તથા બાળકોની હાજરી હતી.પરિણામે બોંબ ધડાકામાં ૭૫ વ્યક્તિઓના મોત નિપજયા હતા અને બીજા અનેક લોકો ધાયલ થયા હતા.

બોંબ ઘડાકા કરનારાઓએ તેમની બોંબ ડીવાઈસીસ એવી રીતે ગોઠવી હતી કે ચર્ચ મીટીંગ છુટ્યા બાદ જ ધડાકાઓ થાય જેથી મોટી સંખ્યામાં જાનહાનિ થાય. જનદુલ્લાહ, એક મીલીટંટ ગ્રુપ, જે તાલીબાન સાથે જોડાયેલ છે તેમણે આ બોંબ ધડાકાની જવાબદારી સ્વીકારી છે.આ એક ખરાબમાં ખરાબ ઘટના છે જે લઘુમતીઓ માટે બની છે.આ બોંબ ધડાકાઓ કરવા પાછળનું કારણ એવું બતાવાય છે કે યુ.એસ. ડ્રોન એટેક પાકિસ્તાનની સરહદો પર થાય છે જયાં તાલીબાનોના અડ્ડાઓ છે તેના વિરોધમાં ખ્રિસ્તીઓ પર આ હુમલો કરવામાં આવ્યો છે.તેવું જનદુલ્લાહ દ્વારા જણાવાયું છે.

હવે પાકિસ્તાનમાં આવેલ તમામ ચર્ચો પર સલામતીની વ્યવસ્થા ગોઠવવામાં આવી રહી છે. પાકિસ્તાનમાં ખ્રિસ્તીઓની કુલ વસ્તીના પ્રમાણમાં ૩ ટકા જેટલી છે.બહુમતી વસતી મુસ્લીમો ની છે.પાકિસ્તાનના હ્યુમન રાઈટ્સના ગ્રુપો વારંવાર ખ્રિસ્તીઓ પર ઈસ્લામીક એક્સ્ટ્રીમીસ્ટ દ્વારા થતાં હુમલાઓના રીપોર્ટ જારી કરે છે.રવિવારની બનેલી ઘટનાને કારણે પાકિસ્તાનમાં વસતા ખ્રિસ્તીઓ ત્યાંની સરકાર સામે ગુસ્સે ભરાયા છે.તેમજ સલામતી અને રક્ષણ કરવામાં તેઓ નિષ્ફળ નિવડ્યા છે.પાકિસ્તાને ત્રણ દિવસનો શોક જાહેર કર્યો છે.



ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો

http://jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

સંસદમાં કોંગ્રેસ દ્વારા સુપ્રીમ કોર્ટે આપેલ એક અભુતપુર્વ ચુકાદામાં જે બાબતો કહી હતી તેનાથી વિરુધ્ધ એક ખરડો પસાર કરાવવા માટે પ્રયત્ન થયો.ત્યારબાદ તે નો વિરોધ થતાં તે પડતો મુકીને સંસદનું સત્ર પુરુ થયા બાદ તે બાબતે વટહુકમ લાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો,જેનો વિરોધ કરવામાં આવ્યો.

ખરેખર જો રાજકારણમાં વ્યાપેલ ગંદકીનું નિવારણ કરવું જ હોય તો સુપ્રીમ કોર્ટ દ્વારા આપવામાં આવેલ ચુકાદાને ખેલદીલીથી વધાવી લેવો જોઈએ.આ ચુકાદાથી દરેક પક્ષોને એક સરખું નુકશાન થવાનું છે. કારણે કોઈપણ પક્ષ એવો નથી કે જેના ચુંટાયેલા સભ્યોમાંના કેટલાક દાગી છે.આવા લોકોને દુર કરવા માટે સુપ્રીમ કોર્ટએ એક સુંદર આયોજન કર્યું જેથી કોઈ પણ પક્ષ આવા લોકોને કોર્ટના ચુકાદાઓ બતાવીને તેમના દબાણમાંથી મુક્ત બની શકે. તેમજ લોકશાહીમાં એક તંદુરસ્ત પ્રણાલી ઉભી થઈ શકે તે માટે સુપ્રીમ કોર્ટે એક સરસ પગથિયું તમામ પક્ષોને માટે બનાવ્યું.જે પક્ષોના સૌથી વધુ દાગી સભ્યો છે એજ આ વટહુકમ બહારના પડે માટે જાહેરમાં વિરોધ કરી રહ્યા છે. અંદરખાને તેઓ કોંગ્રેસને આ કાર્ય કરવાની સમજુતી કરી હોય તેવું મનાય છે.જેથી કોંગ્રેસ તેમના ચુંટણી માટે તૈયાર કરાયેલ કેટલાંક આયોજનનો વિના વિઘ્ને સંસદમાં પસાર કરી શકે.પરંતુ હવે તેઓ વિરોધપક્ષોની ચાલમાં ફસાઈ ગયા છે. ત્યારે રાહુલ ગાંધી દ્વારા આ ચાલમાંથી બહાર નિકળવાનો રસ્તો આરંભાયો છે.

## સમાચારો સંક્ષિપ્તમાં

### ઇસ્કોન મંદિર દ્વારા જન્માષ્ટમીની ઉજવણી

ઈસ્કોન મંદિર ખાતે જન્માષ્ટમીનો તહેવાર ભારે હર્ષોલ્લાસથી ઉજવાયો હતો.આ પ્રસંગે મંદિરમાં એક પ્રદર્શન પણ યોજાયું હતું.આજના દિવસે ભક્તજનો માટે ફરાળી પ્રસાદની વ્યવસ્થા મંદિર તરફથી ગોઠવવામાં આવી હતી.એવું લાગ્યું હતું કે ભક્તિનું ઘોડાપુર આવ્યું હોય.

### ટી.ટી.એફનો આ વર્ષનો સૌથી મોટો ટ્રાવેલ્સ ફેર

ગુજરાત યુની.કન્વેન્શન સેન્ટર ખાતે ટી.ટી.એફ દ્વારા આ વર્ષનો સૌથી મોટો ટ્રાવેલ્સ ફેર ખુલ્લો મુકવામાં આવ્યો હતો.જેમાં મધ્ય પ્રદેશ,હિમાચલ પ્રદેશ,કેરાલા, હરિયાણા,પંજાબ,દિલ્હી, સહિતના રાજ્યોની ખ્યાતનામ મોટી કંપનીઓની હોટલ, રિસોર્ટ તેમજ ટ્રાવેલ્સ કંપનીઓ દ્વારા સ્ટોલ મુકવામાં આવ્યા હતા.જેના દ્વારા જોવાલાયક સ્થળો અને કેવી વ્યવસ્થા મળી શકે તેની માહિતી આપવામાં આવી હતી.

પંજાબ સરકાર દ્વારા વધુ પ્રવાસીઓ મેળવી શકાય માટે અલગથી તે માટેની વ્યવસ્થા કરવામાં આવી હતી.પંજાબની અલગ છાપ ઉભી કરવા માટે પ્રયાસ કરાયો હતો.

**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**


**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386



**જાહેર ખબરના ભાવ**

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૫૦૦૦ | અર્ધુ પાન | રૂ.૨૫૦૦ |
| ૧/૪ પાન | રૂ.૧૨૫૦ | ૧/૮ પાન | રૂ. ૬૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૫૦૦૦ | માસિક પેનલ | રૂ.૧૮૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૩૦૦

**વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.**

**આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી**

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


## સીરીયામાં ચાલી રહેલ સીવીલ વોરમાં શાંતિ સ્થપાય માટે વિશ્વભરના ખ્રિસ્તીઓને પ્રાર્થના કરવા હાકલ



વિશ્વભરના ખ્રિસ્તીઓને સીરીયામાં શાંતિ સ્થપાય માટે પ્રાર્થના કરવાની હાકલ કરવામાં આવી હતી તેના પ્રતિસાદ રુપે પ્રાર્થના કરવામાં આવી હતી.તેમજ સીરીયા છોડીને મીલીયન્સ લોકો શરણાર્થી બન્યા છે તેમને માટે પ્રાર્થના કરવામાં આવી હતી.પોપ ફ્રાંન્સીસે અપીલ કરી હતી કે વિશ્વભરના ૧.૨ બીલીયન કેથોલીકો આ એક દિવસની પ્રાર્થનામાં જોડાશે અને ઉપવાસ સહિત સીરીયામાં શાંતિ સ્થપાય માટે પ્રાર્થના કરશે.તેમજ તેઓ પોતાના ખરા હૃદયથી ઈશ્વરને પ્રાર્થના કરશે.હું મારી પ્રાર્થના માં સીરીયાની સીવીલ વોરમાં ભોગ બનેલા તમામને માટે પ્રાર્થના તેમજ નિકટતા અર્પુ છું.જેઓ આ અશાંતિનો ભોગ બન્યા છે,તેમાંય ખાસ કરીને બાળકો,તેથી હું તમામને વિનંતી કરીશ કે તેઓ શાંતિ માટેની આશા છોડી ના દે ,પરંતુ તે માટે આશાને જીવંત રાખે.

હું ઈન્ટરનેશનલ કોમ્યુનીટીને વિનંતી કરુ છુ કે તેઓ આ બાબતમાં ખુબજ લાગણીશીલ અને ગંભીર બને,અને તેમના તમામ પ્રયત્નો તેમાં ઉમેરે અનો આ ખરાબ પરિસ્થિતિમાંથી તમામ સીરીયન નાગરિકોનો બચાવ થાય અને શાંતિ સ્થપાય માટે પ્રયત્નો કરે.સીરીયનો લડાઈમાંથી બહાર આવવાનો હલ શોધે.જેથી નુકશાન અને હિંસાને નાથી શકાય.પોપે તેમની આજની માસ પ્રેયર સેંટ પીટર્સ સ્કેવર ખાતે કરી હતી.

ગ્રાંડ મુફતી ઓફ સીરીયા, એહમદ બદરુદીન હસોઉ, સુન્ની ઈસ્લામના એક ધાર્મિક નેતા,જેમણે પોપ ફ્રાંસિસને એક પત્ર લખ્યો હતો તેમાં તેમણે જણાવ્યું હતું કે હું પણ તમારી અપીલમાં જોડાઉ છું તેમજ હું પણ સીરીયામાં શાંતિ સ્થપાય માટે ઉપવાસ સહિતની પ્રાર્થના કરીશ.તેમણે પોપનો આભાર માનતા કહ્યું હતું કે તેમણે માનવતા માટે કરેલ મોટી વિનંતી,એ વિશ્વાસ પર આધારિત છે.ઉપવાસ સહિતની ઈશ્વરને પ્રાર્થના કરવી અને વિશ્વમાં શાંતિ સ્થપાય એ માટે કાર્ય કરવું,તેમજ શેતાનના પંજાથી સહુને મુક્ત કરાવવાની તેમની ઈચ્છાનો અમો આભાર માનીએ છીએ.

ઓર્થોડોક્સ લીડર,પેટ્રીઆર્ચ ઓફ કોસ્ટેનટીનોપોલ બારથોલોમી,હેડ ઓફ ધ વર્લ્ડ ઈવેન્જલીકલ એલાયન્સ, ડો.જ્યોફ ટ્યુનીક્લીફ બેઉ વ્યક્તિઓએ આ પ્રાર્થના અપીલને પોતાનો ટેકો જાહેર કર્યો હતો.ધ બીશપ ઓફ વેકફિલ્ડ, ધ રાઈટ રેવ સ્ટેફન પ્લેટને પણ ચર્ચ ઓફ ઈંગ્લેન્ડની તમામ પેરીસને સીરીયામાં શાંતિ સ્થપાય માટેની પ્રાર્થના અપીલમાં જોડાવાની અપીલ કરી હતી.

## રસાયણિક શસ્ત્રોના ઉપયોગ સામે લશ્કરી પગલાં લેવાશે : ઓબામા



સીરીયાએ સીવીલ વોરમાં જનતા સામે કરેલ કેમીકલ વેપનના ઉપયોગ સામે અમેરિકાના પ્રેસિડેન્ટે લશ્કરી પગલા લેવાની હિમાયત કરી હતી જેને તેમના પક્ષના સભ્યોએ અનુમોદન કર્યું હતું. સીરીયા સામે લશ્કરી પગલાં લેવાશે તેની જાહેરાત કરતાં પ્રમુખ ઓબામા.જો કે આંતરરાષ્ટ્રીય સ્તરે અન્ય મહાસત્તાઓ આ પગલાંથી નાખુશ થઈ હતી.મતભેદો ઉકેલના પ્રયત્નો કરવા માટે વિચારણા ચાલુ થઈ છે.


**★ નીલા ફાઇનાન્સ ★**

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨



**લગ્ન વિષયક**

ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત લગ્નવિધિ કરાવનાર

**ગીડીયોન પોલ પરમાર**

(ગર્વ.મેરેજ રજીસ્ટાર)

નં. ૯, કનાન સોસાયટી, મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ

૦૨૬૯૨-૨૫૦૯૬૯

મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૩૨૩૯૬

# હિંદુ કટ્ટરવાદીઓના ટોળાએ ખ્રિસ્તી ચર્ચ બિલ્ડીંગને તોડી પાડ્યું




કે.પી.યોહાનન,ગોસ્પલ ફોર એશીયા,ફાઉન્ડર અને પ્રેસીડેન્ટે જણાવ્યું હતું કે ખ્રિસ્તી સંસ્થાએ ચર્ચનું બાંધકામ બે વર્ષ પહેલાં ચાલુ કર્યું હતું પરંતુ વિરોધને કારણે આ કામ અટકી પડ્યું હતું. પરંતુ ફરીથી જ્યારે આ કામ ચાલું કરવામાં આવ્યુ ત્યારે ૧૦૦૦ જેટલા હિંદુ કટ્ટરવાદી લોકોનું બનેલું ટોળું ખ્રિસ્તીઓ વિરુધ્ધ સુત્રો પોકારતા આવી પહોચ્યું હતું અને ચર્ચ બિલ્ડીંગને તોડી પાડવામાં આવ્યું હતુ. આ બનાવ ૨૫ ઓગષ્ટના રોજ નોર્થન ઈન્ડીયામાં બન્યો હતો.આ ચર્ચનું મકાન છેલ્લા તબક્કામાં આવ્યું હતું.આ ઉપરાંત ત્યાં હાજર એવા પાસ્ટર તેમના માતા અને કેટલાંક ચર્ચના સભ્યોને માર મારવામાં આવ્યો હતો પરંતુ તેઓ હુમલાખોરોથી બચીને ભાગી છુટ્યા હતા.ચર્ચ લીડરોએ તમામ વિશ્વાસુ લોકોને તેમના માટે પ્રાર્થના કરવા અપીલ કરી હતી.

# સીરીયામાં લશ્કરી પગલાં ભરવા માટે કેટલા અને કેવા પ્રયત્નો યુએસ દ્વારા કરવામાં આવશે ?



સીરીયામાં લશ્કરી પગલાં લેવા યુ.એસ. પ્રમુખે કરેલ જાહેરાત બાદ સહુ પ્રથમ ગાઈડેડ મિસાઈલ ડીસ્ટ્રોયલ યુએસએસ રેમેજ જે અરેબીયન ગલ્ફમાં કાર્યરત છે તેને ખસેડવામાં આવ્યું હતું.નવેમ્બર ૧૫,૨૦૦૬ના રોજ લેવાયેલ આ તસવીર છે.રેમેજ યુએસના ચાર ડીસ્ટ્રોયર પૈકીનુ એક છ જે હાલમાં મેડીટેરીયન સીમાં લોગ રેંન્જ મિસાઈલ્સ જેને ટોમાહોક મિસાઈલ કહેવાય છે તે સાથે કાર્યરત છે.જે સીરીયાના યુધ્ધમાં કામમાં આવી શકે છે તેવું જાણકારોનુ કહેવુ છે.અસાદની સરકારે પબ્લીક ઉપર રસાયણીક હથિયારોનો ઉપયોગ કરીને કેટલાંક લોકોના મોત નિપજાવવા બદલ યુએસ અને યુકે સરકાર નારાજ બની છે.તેથી સીરીયા સામે લશ્કરી પગલાં ભરવા માટે નક્કી કરવામાં આવ્યું છે.ધ પેન્ટાગોન દ્વારા ચાર ડ્રીસ્ટ્રોયરને મેડીટેરીયન સીમાં કાર્યરત કરવામાં મુકવામાં આવશે.સીબીએસ ન્યુઝ પ્રમાણે આ શીપ ૪૦ ક્રુઝ મિસાઈલ ધારણ કરે છે.તેમાં સેટેલાઈટ ગાઈડેડ વેપન ઉપલબ્ધ છે.જે એક હજાર પાઉન્ડના વોરહેડ છે જે ૧૦૦૦ માઈલ દુર પ્રહાર કરવાની શક્તિ ધરાવે છે.તેમજ ૧૫ ફુટ દુર સુધી પણ વાર કરવામાં ચોક્કસ છે.

**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**

agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

# ખેતી બેંકની ૬૧મી વાર્ષિક સભા યોજાઇ,ભુતપુર્વ ચેરમેનશ્રીઓના તૈલીચિત્રોનું અનાવરણ

ગુજરાત રાજ્ય સહકારી કૃષિ અને ગ્રામીણ વિકાસ બેંક,અમદાવાદની ૬૧મી સામાન્ય સભા,ગાંધીનગર ખાતે ચેરમેનશ્રી કનુભાઇ પટેલના પ્રમુખપદે યોજાઇ હતી.આ પ્રસંગે બેંકના ભુતપુર્વ ચેરમનેશ્રીઓના તૈલીચિત્રોની અનાવરણ વિધિ,ગુજરાત મિલ્ક,માર્કેટીંગ ફેડરેશન અને દુધસાગર ડેરી,મહેસાણાના ચેરમેન શ્રી વિપુલ ચૌધરીના હસ્તે કરવામાં આવી હતી.આ પ્રસંગે ગુજરાતના ભુતપુર્વ નાયબ મુખ્યમંત્રીશ્રી નરહરી અમીન,ઉપસ્થિત રહ્યા હતા.કો.ઓપ.બેક ઓફ ઈન્ડીયાના ચેરમેન શ્રી ધનશ્યામભાઈ અમીને દીપ પ્રાગટ્ય કર્યુ હતું.ચેરમેનશ્રીએ બેકનો પ્રગતિ અહેવાલ રજુ કર્યો હતો.તેમજ બેંકે ગતવર્ષમાં રૂા.૩૭.૫૭ કરોડનો નફો કરેલ છે. જ્યારે સભાસદોને ૧૨ટકા ડિવિડંડ આપવામાં આવેલ છે તે જણાવ્યું હતું.બેંકનું સ્વભંડોળ રૂા. ૪૬૩ કરોડ અને સ્થાવર મિલ્કતો રૂા.૨૬૨ કરોડની છે.ખાતેદારો પાસેથી રૂા.૫૮૦ કરોડ મુદ્દલ લહેણી છે. જ્યારે બેંકનું કુલ દેવું ફક્ત અને ફક્ત ૬૮ કરોડ રૂાનું છે.નાબાર્ડ દ્વારા લેવાતાં ૧૧ ટકા જેટલાં ઉંચા રી ફાઈનાન્સના વ્યાજના દર માટે નારાજગી વ્યક્ત કરતાં ટુંકાગાળાની કેસીસી લોનનાં વ્યાજના દરમાં કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા અપાતી સબસીડીની જેમ આ બેકોનો પણ વ્યાજમાં સબસીડી મળે તેવી માંગણી કરવામાં આવી હતી.

**જાહેર ખબર તથા લવાજમના એજન્ટ**

શ્રી આર.એન.રાજગુરુ
નગર ગેઈટ,જામ-ખંભાળીયા
જી.જામનગર
ફોન નં.૯૯૦૯૮૪૭૭૮૭,
૯૯૦૯૩૪૭૭૮૭

શ્રી ભુપેન પરમાર,
આંબેડકરનગર,ઈશ્વરકૃપાનિવાસ
સામે,નાના મહુવા,
કાલવડ રોડ,રાજકોટ-૫
ફોનઃ ૯૯૨૫૦૬૭૮૫૩

શ્રી પિયુષભાઈ એ. પટેલ,
૧૦૬,સજની
એપાર્ટ,દલાલસ્ટ્રીટ,
ફતેહગંજ,વડોદરા-૩૯૦ ૦૦૨
મો.૯૯૯૮૯૯૮૮૪૨

અનુ. પાન નં ૧ નું ચાલુ

હરામના અમાનવીય ગુનાઓ બાબતે તપાસ કરી રહી છે.તેમના દ્વારા પધ્ધતિસર અને મોટા પ્રમાણમાં હુમલાઓ કરવામાં આવી રહ્યા છે.અને હવે તેનું પ્રમાણ વધી ગયું છે.

ઈન્ટરનેશનલ ક્રીમીનલ કોર્ટ ધ હેગ્યુ ખાતે આવેલ છ.જે અમાનવીય,વોર ક્રાઈમ,જીનોસાઈડ ગુનાઓ બાબતે જ્યારે જે તે દેશની કોર્ટો કાર્ય કરવામાં અસફળ થાય ત્યારે તેઓ આ બાબતે તપાસ કરીને કાર્યવાહી કરે છે.

આઈસીસી પાસ્ટર એયો ઓરીટસીજેફોર,પ્રેસીડેન્ટ,ક્રિશ્ચિયન એસોસીએશન ઓફ નાઈજીરીયાના જણાવ્યા પ્રમાણે તેમની પ્રથમ ટર્મમાં ૩૦૦૦ ખ્રિસ્તીઓની હિંસા થઈ હતી.ગત વર્ષે એવરેજ પ્રતિમાસ ૧૦૦ ખ્રિસ્તીઓની હત્યા થઇ હતી.માર્ચ ૨૦૧૦માં ૫૦૦ ખ્રિસ્તીઓ માત્ર એક રાત્રિમાં કતલ કરી દેવાયા હતા.એપ્રિલ ૨૦૧૧ માં અમારા સભ્યોએ ૫૦૦ ચર્ચ ગુમાવ્યા હતા.હજારો ઘરનો નાશ થયો હતો.તેમજ કામધંધાઓ માત્ર ૪૮ કલાકમાં જ બંધ કરી દેવાયા હતા.૨૦૧૨માં વિશ્વમાં જે સંખ્યામાં ખ્રિસ્તીઓની હત્યા કરવામાં આવી તે પૈકી ૭૦ ટકા ખ્રિસ્તીઓ માત્ર નાઈજીરીયામાંથી જ હતા.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે બોકો હરામ બાબતે મને શંકા છે કે તેઓ ખરેખર સાચી દિશામાં ચર્ચા કરવા મંજુર થાય.અને નાઈજીરીયાના ઈસ્લામીક નેતાઓને બોલાવે,તેમજ તાજેતરમાં થયેલા હુમલાઓ બાબતે ખોટું થયાનો ખેદ વ્યક્ત કરે , તેમજ કુરાનની કેટલીક બાબતો અંગે જે ગેરસમજો ઉભી થઇ છે તેને દુર કરે.

સાચો ઈસ્લામ ધર્મ જે જાણે છે તેઓ સાચા નેતાઓ તૈયાર કરે જેથી તેમાં લોકો સાચો વિશ્વાસ કરે અને જે ગેરસમજો પ્રવર્તે છે તે દુર થાય.કુરાનમાં જે મધ્યસ્થી કરવા માટેની ખાસ બાબત છે તેને સમજાવવામાં આવે અને તેથી સમગ્ર લોકોનું કલ્યાણ થાય.બોકો હરામની બીજી માંગણી એવી છે કે તેઓ શરીયા કાયદો નાઈજીરીયામાં પ્રસ્થાપિત કરવા ચાહે છે.અને તેને કારણે તેઓએ દેશભરમાં અનેક હિસાઓ કરી છે જેની જવાબદારી તેઓએ લીધી છે.

# ભદ્રનું ઐતિહાસિક ટાવર ટુંક સમયમાં રણકતું થશે

ગુજરાતના ગૌરવસમા પૌરાણિક ભદ્રના કિલ્લા પર આવેલ તેના મુગટ સમુ મોટું ઘડિયાળ કે જેના ટકોરા સમગ્ર શહેરના લોકોને સમયનું ભાન કરાવતા હતા.આ ઘડિયાળ ૧૮૪૯માં લંડનથી રૂા.૮૦૦૦માં ખરીદાયું હતું.જે ૧૮૭૮માં બ્રિટીશ ઈન્ડીયા કંપની દ્વારા ભદ્રના કિલ્લા પર મુકાયું હતું.ભદ્રનું આ ટાવર છેલ્લાં કેટલાંક વર્ષોથી બંધ હાલતમાં હોવા છતાં આ ટાવરની પ્રતિભા સહેજ પણ ઝંખવાઈ નથી.

ઘણા વર્ષોથી બંધ પડેલ આ ઘડિયાળ -ટાવરને હવે ફરીથી ધબકતું કરવા માટેના સમાચારો મળેલ છે.તેને હવે રીપેર કરીને ફરીથી ચાલુ કરવામાં આવશે.ભદ્રના ચોકનો વિકાસ થઈ રહ્યો છે ત્યારે સાથે સાથે ભદ્રની શાન સમા આ અતિ પુરાણા ટાવરને મ્યુનિસિપલ કોરપોરેશન અને આક્રિયોલોજીકલ સર્વે ઓફ ઈન્ડીયાના સંયુક્ત ઉપક્રમે રીપેર કરાવવામાં આવશે.અને નજીકના ભવિષ્યમાં શહેરીજનોને આ ટાવરના ડંકા ફરીથી સાંભળવા મળશે.

**ગ્લોરી કેટરીંગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો
ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ
સંપર્કઃ જ્હોન એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

**ડૉ.હેમેન્દ્ર જી. પરીખ**
પી.જી.યોગા,ડીએચએમએસ
યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ
એક્સ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એક્સ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in

# મુલ્યોનું સંરક્ષણ અને સંવર્ધન કરવાની પણ દરેક સભ્યની ફરજ છે.માટે તો સમાજ ટકી રહ્યા છે

આપણે સૌ સામાજિક પ્રાણી કહેવાઈએ છીએ. પણ હકીકતમાં આપણે સામાજિક છીએ ?કેટલાક લોકો સમાજ થકી જીવે છે તો કેટલાક સમાજ માટે જીવે છે છતાં એક બાબત હકીકત છે કે વ્યક્તિનો વિકાસ ક્યારેય આ સમાજના સહકાર વગર શક્ય જ નથી.માટે જ સૌ સમાજમાં રહીને જ જીવવાનું પસંદ કરે છે.દરેક સમાજની જીવનશૈલી અલગ હોઈ શકે, દરેક સમાજના નીતિ નિયમો અલગ હોઈ શકે ,દરેક સમાજના મુલ્યો પણ અલગ હોઈ શકે અને આ દરેક બાબતનું પાલન કરવું જે તે સમાજના સભ્યની ફરજ બની જાય છે.સામાજિક મુલ્યો નું પાલન કરવાની જ ફરજ નથી,પણ સાથે તે મુલ્યોનું સંરક્ષણ અને સંવર્ધન કરવાની પણ દરેક સભ્યની ફરજ છે.માટે તો સમાજ ટકી રહ્યા છે.

હા... ક્યારેક સમાજમાં કેટલાં દુષણો પ્રવેશ કરતાં હોય છે, તો એ દુષણોને દુર કરવાની ફરજ પણ જે તે સભ્યની બની રહે છે.તો ક્યારે ક સમયમાં પરિવર્તન આવતાં સમાજના કેટલાક નીતિ નિયમોમાં પણ બદલાવ લાવવો પડે છે.આમ છતાં એટલું નક્કી છે કે નીતિ નિયમો બદલાય છે પણ સામાજિક મુલ્યો તો ટકી રહે છે.કારણકે તે અનુભવના નિચોડ રુપે અને સત્યના પાયા પર ઊભા હોય છે.

સામાજિક મુલ્યોની વાત આવે ત્યારે ઘણા લકો કહેતા હોય છે કે અમુક પછાત ગણાતી જ્ઞાતિમાં મુલ્યો ઓછા હોય છે કે નથી હોતા, મુલ્યો તો જાણે ઉચ્ચ ગણાતી જ્ઞાતિમાં જ ધરબાયેલા હોય છે. આ હકીકત આજે પણ કેટલાક માને છે.માટે તો ઘણી વાર રસ્તા પર કે સોસાયટીમાં કે ગામડાંમાં સાંભળવા મળે છે કે અમુક લોકો તો આવું(નકારાત્મક) કરે એમાં નવાઈ પામવા જેવું કંઈ જ નથી.અને અમુક લોકો કે વ્યક્તિ કોઈ ખરાબ કામ કરે તો કહે કે અલ્યા ભાઈ, તું આ જ્ઞાતિનો થઈને આવું કરે છે ?કહેવાનો અર્થ એ કે જ્ઞાતિવાદ ભુંસાતો જાય છે પણ લોકોના મનમાં ઘર કરી ગયેલા ખોટા વિચારો આજે પણ બદલાતા નથી.એવું જ ભણેલા અને અભણ માણસ માટે પણ કહેવાય છે.અભણ માણસ કંઈ પણ નકારાત્મક કામ કરે તો એમ કહેવાય છે કે એ તો ભણેલો નથી,તેની પાસે શું અપેક્ષા રાખવી ?જ્યારે કોઈ ભણેલો માણસ નકારાત્મક કામ કરશે તો લોકો કહેશે કે અલ્યા ભાઈ, તમે ભણેલા થઈને આવું કરો છો ? આ બાબત સાચી નથી.ક્યારેક અભણ માણસ પણ ભણેલાને ઘણું શીખવી જાય છે.તો પછાત ગણાતી જ્ઞાતિ ઉચ્ચ જ્ઞાતિને પણ ઘણું શીખવી જાય છે. આવી ઘટના હમણાં જ બની,જેમાંથી સામાજિક મુલ્યોમાં માનનારા અને પોતાની જાતને ઊચ્ચ જ્ઞાતિના કે ભણેલા સૌએ શીખવાનુ છે.

વાત એમ બની કે ઉચ્ચ ગણાતી જ્ઞાતિના એક ભણેલા ગણેલા કુટુંબમાં સાસુ-વહુને લઈને ઝગડા થતા હતા. જેમાં સાસુ થોડા અસ્થિર મગજના હતા. તેનાથી કંટાળીને સાસુ-સસરા પોતાના છોકરાને વહુથી છુટા પડીને વતનમાં રહેવા ગયા.નક્કી એવું થયું હતું કે છોકરાએ દર મહિને બે હજાર રૂપીયા આપવા.છોકરાએ વચન પાળ્યુ નહિ. ગરીબ માં-બાપે નોકરી શોધીને ફરી શહેરમાં રહેવા આવ્યા.છોકરા સાથે જ રહેવા આવ્યા. બીજા-ત્રીજા દિવસથી ઝગડા શરુ થઈ ગયા. પાંચ દિવસ પછી છોકરીના પપ્પા-ફોઈ અને છોકરાના પિત્રાઈઓ સમાધાન કરવા રાત્રે નવ-દસ વાગ્યે એકઠા થયા.સમાધાનની વાત શરુ થઈ,કોઈ મુદ્દો યોગ્ય રીતે મુકાય કે ચર્ચાય, તે પુર્વે શાંત ગણાતા છોકરાએ રોદ્ર સ્વરુપ ધારણ કર્યું.સમાધાન માટે આવેલ પ્રતિષ્ઠિત માણસોનું અપમાન કર્યું. સમાધાન માટે આવેલા લોકો માંડ દસ મિનિટ બેઠા હશે અને થયેલા અપમાનને કારણે સમાધાન પડતું મુકીને નીકળી ગયા.સાથે એમ વિચાર્યું કે જો છોકરાના માંબાપ અને છોકરીના સગાં રાત્રે અહી જ ભેગા રહેશે તો અડધી રાત્રે ઝગડશે. જે સમાધાન કરવા આવેલા પિત્રાઈ ભાઈ છોકરાના માંબાપને પોતાના ઘેર લઈ જવાનું કહયું.

છોકરાએ કે વહુએ તેના માંબાપને એમ ન કહ્યું કે તમે આટલી મોડી રાત્રે ના જશો.આ તમારુ જ ઘર છે.બીજી બાજુ છોકરાના સસરા અને ફોઈ ત્યાં જ રોકાયા.માંબાપ ફલેટમાંથી નીચે ઉતર્યા, રસ્તા પર બધા આવ્યા. હજુ એકબીજાની દલીલો ચાલતી હતી. રાત્રે ૧૧ વાગે રસ્તા પર નાનું ટોળુ પણ એકત્ર થઈ ગયું હતુ. ઉચ્ચ ગણાતા લોકો રાત્રે ૧૧ રસ્તા પર ઝગડી રહ્યા હતા.ત્યાં જ રબારી જ્ઞાતિના એક બહેન આવ્યા. તેમણે વાતનો સાર પકડી લીધો અને તુટી પડ્યા પેલી છોકરીના માંબાપને. તેમના વાક્યો અહીં રજુ કરુ છું.જે ભણેલા કે ઉચ્ચ ગણાતા સૌ લોકો એ સાંભળ્યા. રબારી જ્ઞાતિની બહેનના શબ્દો આ હતા.'' ઝગડા તો સાસુ -વહુ વચ્ચે થતાં જ હોય ,પરંતુ દીકરીના બાપે દીકરીનું ઉપરાણું ન લેવાય. તેને સમજાવવાની હોય, ઘરડા સાસું-સસરાની સેવા કરવાની હોય... તમે તો છોકરીના બાપ છો, છોકરીનું ઘર ભગાવવા આવ્યા છો. કે કરાવવા આવ્યા છો.? ડાહ્યા અને કમાતા સાસુ-સસરાને તો કોઈ પણ રાખે, પણ અસલ માંબાપને રાખે તે વહુ સારી કહેવાય. સાસુ ગાંડી હોય તો એના છોકરા ગાંડા જ હોય, તો પછી લગન શું કરવા કર્યા?અને લગન કર્યા છે તો સાસુ-સસરાને નિભાવીને તારી ખાનદાની બતાવ, આવુ અડધી રાતે શાહુકાર રોડ પર ઝગડા કરે એ સારુ ના કહેવાય, આવું કે તે ખાનદાન ના કહેવાય. વગેર. અંતે સમાધાન વગર સૌ છુટા પડ્યા.પણ જે બાબત સમાધાનકારીઓ કહેવા આવ્યા હતા તે બાબત તેઓ છોકરાના વર્તનને કારણે ન કહી શક્યા. પરંતુ રસ્તા પરથી પસાર થતાં અને કોઈ જ પરિચિતતા ન હોવા છતાં, પેલા રબારી અભણ બહેને કહી બતાવ્યું.આ બહેને સામાજીકતા દાખવી તે સલામને પાત્ર છે.આવા લોકો થકી જ સામાજિક મુલ્યો ટકી રહ્યા છે. નહી તો ભણેલા ગણેલા એમ જ કહે કે ના ફાવતું હોય તો છુટાછેડા લઈ લો.

રબારી બહેનના આ શબ્દો સાંભળ્યા પછી લાગ્યું કે વધારે શાહુકાર કોણ ?સામાજિક મુલ્યોના ખરા વારસદાર કોણ ? આમ સામાજિક મુલ્યોનો ખજાનો ઉચ્ચ જ્ઞાતિ પાસે કે ભણેલા પાસે જ છે.તેવા ભ્રમમાંથી બહાર આવી જવાની જરુર છે.આવી ઘટના બન્યા પછી પણ એમ માનવાને કોઈ કારણ નથી કે પેલો છોકરો અને વહુ તેના માંબાપને ઘરમાં પાછા બોલાવશે. કારણકે તેઓ પોતાની જાતને સુધરેલા માને છે અને માટે જ તેઓ સાચા જ છે તેમ પણ માને છે.

ડૉ.અશોક પટેલ

(સૌ.સંદેશ)

# સીરીયા : પ્રામાણિક રાજદ્વારી પ્રયાસ જરુરી

ઈતિહાસની એક ખુબી છે કે ક્યારેક વિપરિત પરિસ્થિતિ તમને સારા મિત્ર કરતાં વધુ સારી રીતે મુશ્કેલીમાં મદદ કરે છે.રશિયાના વિદેશ પ્રધાને એવું જ કર્યું.તેમણે દરખાસ્ત રજુ કરી સીરીયા રસાયણિક શસ્ત્રો સુપરત કરશે તો અમેરિકા યુધ્ધનો નિર્ણય પાછો ખેચશે.આ અવસરે પ્રમુખ બરાક ઓબામાને બચાવી લીધા.અમેરિકન કોગ્રેસે તેમની હુમલાની યોજના અંગે જે વલણ અપનાવેલું તેનો સામનો કરવાનો સમય જ ન આવ્યો.તેનાથી વધુ ભયજનક પરિસ્થિતિ એ થાત કે નાગરિકો પર નર્વ ગેસ છોડવા માટે દંડ દેવા સીરીયા પર હુમલો થાત તો પરિસ્થિતિ નિયંત્રણ બહારની હોત. સંયુક્ત રાષ્ટ્ર સહિત વિશ્વના દેશો માટે આવી સ્થિતિ અયોગ્ય હોત.

આરબ વિશ્વએ સશસ્ત્ર હુમલાનો વિરોધ કર્યો હતો.તેને આંતરરાષ્ટ્રીય સ્તારે ટેકો મળ્યો હતો. ફ્રાંસ, જર્મની,બ્રિટન અને ૭૧ ટકા અમેરિકનો પણ આવા હુમલાના વિરોધમાં હતા.કાયદા ઘડવૈયાઓ અને રાજદ્વારી નિષ્ણાંતોએ ઓબામાને બચાવી લીધા.હવે તેઓ સીરીયા કટોકટીના ઉકેલ માટે તટસ્થ રાજદ્વારી ઉકેલ લાવવાના એતિહાસિક અવસરને હાથમાં લઈ શકે છે.પશ્ચિમ એશિયા ઉત્તર આફ્રિકા ક્ષેત્રે પણ પ્રવર્તમાન સંજોગોમાં તે જરુરી છે.રસાયણિક શસ્ત્રો માટે અમેરિકાની સ્થિતિ વધુ પડતી દંભ ભરેલી છે.૧૯૮૦માં સદામહુસેને આવા શસ્ત્રોનો ઉપયોગ કર્યો હતો,કારણ કે તે વખતે તે અમેરિકાનો મિત્ર હતો.તેણે ક્યારેય ઈઝરાયેલ પાસે રસાયણીક શસ્ત્રો પર પ્રતિબંધની માંગણી કરી નહોતી.તેનાથી પણ સીરીયા ના કિસ્સામાં આવું વલણ કેમ ?૨૧મી ઓગષ્ટે પ્રમુખ બશરના લશ્કરે કેમિકલ શસ્ત્રોનો ઉપયોગ કર્યો હતો.સંયુક્ત રાષ્ટ્ર આ અંગે તપાસ કરી રહ્યું છે.પરંતુ ઓબામાએ જાહેર કર્યું કે સીરીયાએ ગુનો કર્યો છે અને તેને દંડ મળવો જોઈએ.

અમેરિકા રાજદ્વારી અભિગમમાં અનેક પગલાં લેવા જોઈએ.યુધ્ધવિરામ માટે એટલે કે સીરીયાને સિવિલ વોર રોકવા સમજાવે.અત્યાર સુધીમાં એક લાખથી વધુ લોકો ના મોત થયા છે.અઢી લાખ લોકો નિરાશ્રીત બન્યા છે.આ સંઘર્ષ જાતિ આધારિત છે.સુન્ની અને શીયા વચ્ચેની લડાઈ છે.પરિણામે સાઉદી પ્રત્યાઘાતી બળો મજબુત બને છે.ઈરાનનો ટેકો ધરાવનાર નબળા પડે છે.

જો કે રશિયા દ્વારા અમેરિકાને અપીલ કરવામાં આવી કે જો સીરીયા તેના રસાયણિક શસ્ત્રો કોઈ મધ્યસ્થીને સુપ્રત કરે તો અમેરિકા યુધ્ધ નહી કરે.અને રશિયાનો આ રાજકીય પ્રયાસે સીરીયા અને બીજા અનેક દેશોને પાયમાલ થતાં બચાવી લીધા છે. જો અમેરિકા યુધ્ધ છેડતતો બીજા પણ તેમા સહયોગી થાત,પરિણામે યુધ્ધ કેટલા વખત સુધી ચાલત અને બીજા હજારો લોકોનો સંહાર થાત.હાલમાં તો યુધ્ધનો મામલો ચર્ચા દ્વારા ઉકેલ ઉપર આવીને ઉભો છે. રશિયાએ હવે સીરીયામાંથી કેમીકલ શસ્ત્રોનો નાશ કરવાની જવાબદારી નિભવવાની છે.થોડાક સમય પહેલાં વિકલીફને કારણે અમેરીકા અને રશિયાના સંબંધોમાં તિરાડ પડી હતી.કદાચ આ કારણને લીધે ફરીથી બે દેશો વચ્ચે ફરીથી ઉભી થયેલ તિરાડમાં પુરાણ થાય. અને તે જરુરી છે.

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

**જય ક્રિશ્ચિયન**

૧૩,સહયોગ પાર્ક-૧

,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૮૯

૯૮૨૪૩૬૨૪૬૨

**શાલેમ મેરેજ બ્યુરો**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-

શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.